R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૯ ● તા. ૧૦મી મે, ૨૦૧૭ ● અંક નં. ૧૩

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એ.જે.શાહ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.

વેબસાઈટ : www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

## અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી : ગાંધીનગર

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી સંવર્ગની નીચે દર્શાવેલ જગ્યાઓ કરાર આધારિત ધોરણે ૧૧ માસ માટે અથવા સરકાર દ્વારા માન્ય ભરતી પદ્ધતિથી નિયમિત ઉમેદવારો ગુજરાત જાહેર સેવા આયોગ/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઉપલબ્ધ થાય તે પૈકી જે વહેલું હોય તેટલા સમય માટે કરાર આધારિત ધોરણે ભરવા માટે લાયક ઉમેદવારો પાસેથી નિયત નમુના મુજબની અરજી જરૂરી પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ અંગેના જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે અત્રેની કચેરીને **તા. ૧૭-૫-૨૦૧૭** સુધી મળી જાય તે રીતે રજી. એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવા જણાવવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૭-૦૫-૨૦૧૭**

| જગ્યાનું નામ | કુલ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવેલ જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી PH અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | PH | માજી સૈનિક |
| સંશોધન અધિકારી | ૧૫૯ | ૮૨ | ૪૩ | ૧૦ | ૨૪ | ૨૭ | ૧૪ | ૦૩ | ૦૮ | ૦૪ | ૦૧ |
| સંશોધન મદદનીશ | ૨૨૬ | ૧૧૪ | ૬૧ | ૧૬ | ૩૫ | ૩૮ | ૨૦ | ૦૫ | ૧૧ | ૦૭ | ૨૨ |
| આંકડા મદદનીશ | ૧૦૭ | ૫૪ | ૨૬ | ૦૬ | ૨૧ | ૧૮ | ૦૮ | ૦૨ | ૦૭ | ૦૫ | ૧૦ |

નોંધ : સંશોધન અધિકારી, સંશોધન મદદનીશ અને આંકડા મદદનીશની જે જગ્યાઓ ખાલી હશે તેટલી જગ્યાઓ પર ક્રમશઃ નિમણૂક આપવામાં આવશે.

❑ **શૈક્ષણિક લાયકાત :** સંશોધન અધિકારી, સંશોધન મદદનીશ તથા આંકડા મદદનીશની ત્રણેય જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે.

૧. **સંશોધન અધિકારી માટે :** આંકડાશાસ્ત્ર અથવા એપ્લાઈડ આંકડાશાસ્ત્ર અથવા ગાણિતીક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા ઈકોનોમેટ્રીક્સ અથવા ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય સાથેની અનુસ્નાતકની બીજા વર્ગની પદવી અથવા આજ મુખ્ય વિષય સાથેની સ્નાતકની ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ સાથેની પદવી.

૨. **સંશોધન મદદનીશ માટે :** આંકડાશાસ્ત્ર અથવા એપ્લાઈડ આંકડાશાસ્ત્ર અથવા ગાણિતીક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા ઈકોનોમેટ્રીક્સ અથવા ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય સાથેની અનુસ્નાતકની બીજા વર્ગની પદવી અથવા આજ મુખ્ય વિષય સાથેની સ્નાતકની ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ સાથેની પદવી.

૩. **આંકડા મદદનીશ માટે :** આંકડાશાસ્ત્ર અથવા એપ્લાઈડ આંકડાશાસ્ત્ર અથવા ગાણિતીક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા એપ્લાઈડ અર્થશાસ્ત્ર અથવા વાણિજ્ય અર્થશાસ્ત્ર અથવા ઈકોનોમેટ્રીક્સ અથવા ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય સાથેની અનુસ્નાતકની બીજા વર્ગની પદવી અથવા આજ મુખ્ય વિષય સાથેની સ્નાતકની બીજા વર્ગની પદવી.

૪. કોમ્પ્યુટર કૌશલ્યની લાયકાત અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નિયત થયેલ લાયકાત અથવા સરકાર દ્વારા વખતોવખત નક્કી કરેલા સ્તરની કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

૫. ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૬. ગુજરાત મુલ્કી સેવાઓ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

❑ **ફિક્સ પગાર :**૧. સંશોધન અધિકારી માસિક રૂ. ૩૮,૦૦૦/
૨. સંશોધન મદદનીશ માસિક રૂ. ૩૫,૦૦૦/-
૩. આંકડા મદદનીશ માસિક રૂ. ૨૮,૦૦૦/-

❑ **વય મર્યાદા:** અરજી કરવાની છેલ્લ તારીખની સ્થિતિએ ૩૭ વર્ષથી વધુ નહીં.

❑ **શરતો :**

૧. ઉમેદવારોએ સંશોધન અધિકારી તથા સંશોધન મદદનીશ અને આંકડા મદદનીશની જગ્યાઓ માટે અરજી કરવા અંગે નિયત નમુનાનું અરજી ફોર્મ મેળવવા અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની વેબસાઈટ www.gujecostat.gujarat.gov.in જોવાની રહેશે તથા તે મુજબના નિયત કરેલ નમુના પ્રમાણે જ અરજી જરૂરી પ્રમાણપત્રો સહિત કરવાની રહેશે.

૨. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬-૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક) (ગુજરાતીમાં)ના નમુનામાં પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.આ પ્રમાણપત્ર ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન મેળવેલું હોવું જોઇએ.જેમાં જાહેરાત પ્રસિધ્ધ થયેલ હોય તે નાણાંકીય વર્ષનો પણ સમાવેશ થયેલો હોવો જોઇએ.ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર માતા-પિતાની આવકના સંદર્ભમાં આપવામાં આવતું હોવાથી આ પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરતી વખતે ઉમેદવારની માતા-પિતાની આવકમાં ફેરફાર થતો હોય તો ઉમેદવારે /અરજદારે સ્વંય આવા વધારા-ઘટાડાની પ્રમાણીત જાહેરાત પ્રમાણપત્ર આપનાર અધિકારી સમક્ષ કરવાની રહેશે.આ રીતે સક્ષમ અધિકારીને જાણ કર્યા બાદ સક્ષમ અધિકારીએ જે નિર્ણય લીધેલ હોય તેની જાણ અત્રેની કચેરીને પણ કરવાની રહેશે.જે ઉમેદવાર /અરજદાર આવી સ્વૈચ્છિક જાહેરાત ન કરીને આવકમાં વધારો છૂપાવશે તો તેને મળેલો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને પરીણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે.જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલું હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.અરજી સાથે પરિશિષ્ટ-ક ના બદલે એનેક્ષર-એ (અંગ્રેજીમાં) રજૂ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે.કેમકે, એનેક્ષર-એ ભારત સરકાર હેઠળની નોકરી માટેનું છે.જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ-ક) અરજી સાથે કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યાઓ માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

૩. અનામત કક્ષાના ઉમેદવારો માટે પ્રવર્તમાન નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર થશે.

૪. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેવી જગ્યા તે જ કક્ષાના પુરુષ ઉમેદવાર માટે ફાળવી શકાશે.

૫. ઉમેદવારોએ સ્નાતક તથા અનુસ્નાતકની માર્કસીટ તેમજ ડિગ્રી સર્ટીની નકલ બીડવાની રહેશે. વધુમાં, ડિગ્રી સર્ટીફિકેટમાં મુખ્ય વિષય સ્પષ્ટ રીતે દર્શાવવાનો હોવો જોઈએ. જો ડિગ્રી સર્ટીફિકેટમાં મુખ્ય વિષય સ્પષ્ટ દર્શાવેલ ન હોય તો કોલેજ અથવા યુનિવર્સિટીના મુખ્ય વિષય તરીકેનો લેખિત આધાર રજૂ કરવાનો રહેશે. મુખ્ય વિષય સ્પષ્ટ થતો ન હોય તેવી અરજી અમાન્ય ગણવામાં આવશે.

૬. જે યુનિવર્સિટી દ્વારા ટકાવારી આપવામાં આવતી નથી તેવા ઉમેદવારોએ ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજુ કરવાના રહેશે.

૭. આ જાહેરાત અન્વયે નિમણુંક મેળવનારને કરારના સમયગાળાના દરમ્યાન અનુક્રમ નં. ૩માં દર્શાવ્યા મુજબ માસિક ફિક્સ પગાર/માનદ્ વેતન મળશે. તેઓની નિમણુંક કરારના ધોરણે કરવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

૮. ઉભયપક્ષે એક માસની નોટિસ અથવા એક માસના ફિક્સ પગારની રકમ/માનદ્ વેતન સાથેનો નોટિસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૯. નિયત ફિક્સ પગાર/માનદ્ વેતન પર કોઈપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

૧૦. કરારના સમયગાળા દરમ્યાન આ જાહેરાત અન્વયે નિમણુંક મેળવનારને ફિક્સ પગાર/માનદ્ વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.

૧૧. કરારના સમયગાળાના દરમ્યાન મેડિકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

૧૨. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા કોઈ અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.

૧૩. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો

➔

તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ પગાર/માનદ્ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એક્સગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

૧૪. આ જાહેરાત અન્વયે નિમણુંક મેળવનારને સંવર્ગના અધિકારી/ કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજા બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઈવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહીં.

૧૫. આ જાહેરાત અન્વયે નિમણુંક મેળવનારને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણ ૧૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે.

૧૬. આ જાહેરાત અન્વયે નિમણુંક મેળવનારને તેઓએ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

૧૭. ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી ૮ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂ. ૧૨૦/- અથવા ૧૨ કલાકથી વધુ સમયના રોકાણ માટે રૂ. ૨૪૦/- દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ/ રેલવેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

૧૮. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટિસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

૧૯. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૨૦. વ્યવસાય વેરાની કપાત નિયમોનુસાર ફિક્સ પગાર/માનદ્ વેતનમાંથી કરી લેવા રહેશે.

૨૧. નિમણુંકના સમય દરમ્યાન તેમજ બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઈપણ જવાબદારી રહેશે નહીં.

૨૨. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદ્ વેતનથી નિમણુંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં.

૨૩. ઉપરોક્ત શરતો નિમણુંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર આપવાનું રહેશે.

૨૪. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમોનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૨૫. આ કરાર આધારિત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨૬. આ જાહેરાત અન્વયે કરાર આધારિત નિમણુંક મેળવનાર વ્યક્તિએ કરાર કરવાનું સ્વીકારતા પહેલા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એક્સિડન્ટ યોજના અંતર્ગત વિમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજૂ કરવાનો રહેશે. આ અંગે વિમાના પ્રીમિયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહીં.

૨૭. કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમણુંકનો આપોઆપ અંત આવેલો ગણાશે.

૨૮. સંશોધન અધિકારી તથા સંશોધન મદદનીશ અને આંકડા મદદનીશની ત્રણેય જગ્યાઓ માટે એક જ અરજી કરવાની રહેશે. એકથી વધુ કરેલ અરજીઓ અમાન્ય ગણવામાં આવશે.અરજી ફોર્મમાં આપ જે જગ્યાઓ માટે અરજી કરવા માંગતા હોય તે જગ્યાના નામની સામે ખરાં ની નિશાની કરવાની રહેશે.

૨૯. ૧૧ માસના કરારના ધોરણે ભરવાપાત્ર સંશોધન અધિકારી, સંશોધન મદદનીશ તથા આંકડા મદદનીશ ત્રણેય જગ્યા માટે પસંદગી પામતા ઉમેદવારો માટે એક ઉમેદવારને તેઓએ આપેલ પ્રેફરન્સના આધારે એક જ જગ્યા પર નિમણૂક આપવામાં આવશે.

૩૦. જો આ સંવર્ગની અન્ય કચેરીની પ્રતિનિયુક્તિની જગ્યા પર સદર કચેરી દ્વારા નિમણૂક આપાયેલ હશે તો તેટલી જગ્યાની નિમણૂક ઓછી થશે.

૩૧. ઉપરોક્ત જગ્યાઓ માટે નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૮, ગાંધીનગરને તા. ૧૭-૫-૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે અરજી રજી. એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં. તેમજ અધુરી વિગતવાળી અરજી સ્વીકારવામાં આવશે નહીં. અરજદારે અરજી નીચેના સરનામે મોકલવાની રહેશે. આ જાહેરાત અંગે વધુ માહિતી માટે આ કચેરીના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૨૬૩૯ તથા ૦૭૯-૨૩૨-૫૨૮૬૩ તથા ૦૭૯-૨૩૨-૫૨૫૫૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, પોલીસ ભવનની બાજુમાં, નવું બિલ્ડીંગ, ગાંધીનગર-૩૮૨૦૦૯.

નિયામક,
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

# અમદાવાદ આર્મી રિક્રુટમેન્ટ ઓફિસ દ્વારા જુલાઇ-૨૦૧૭માં આણંદ ખાતે લશ્કરી ભરતી મેળાનું આયોજન

## લશ્કરી ભરતી મેળા માટે ઓનલાઇન અરજી કરવાની રહેશે

અમદાવાદ આર્મી રિક્રુટમેન્ટ ઓફિસ (ARO) દ્વારા લશ્કરમાં જવાનોની ભરતી માટે હવેથી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. ARO દ્વારા સૌરાષ્ટ્ર સિવાયના વિસ્તારો માટે લશ્કરમાં ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ARO દ્વારા આગામી જુલાઈ-૨૦૧૭ દરમ્યાન ભરતી મેળો યોજાનાર છે. આ ભરતી મેળામાં ભાગ લેવા માટે આર્મીની વેબસાઈટ www.joinindianarmy.nic.in ઉપર ઉમેદવારોએ **તા. ૨૦-૬-૨૦૧૭** સુધીમાં ઓનલાઈન અરજી કરવાની છે.

લશ્કરી ભરતી મેળો તા. ૬-૭-૨૦૧૭ થી તા. ૧૬-૭-૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટી ગ્રાઉન્ડ, વલ્લભવિદ્યાનગર, આણંદ ખાતે યોજાનાર છે. ઉમેદવારોએ લશ્કરી ભરતી મેળો શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ઓનલાઈન અરજી કરી દેવાની છે. ઓનલાઈન અરજી બાદ ઉમેદવારોને ભરતી મેળામાં ઉપસ્થિત થવા માટેના કોલ અપ મેસેજ તેઓના ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ ઉપર તા.૨૧-૬-૨૦૧૭ પછી મોકલવામાં આવશે.

આણંદ ખાતે યોજાનારા લશ્કરી ભરતી મેળામાં અમદાવાદ, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, મહેસાણા, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરત, તાપી, વડોદરા, વલસાડ જિલ્લા તથા કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા નગરહવેલી વિસ્તારના ઉમેદવારો ભાગ લઇ શકશે.આ ભરતી મેળામાં સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર કલાર્ક, સ્ટોરકિપર ટેકનિશીયન, સોલ્જર ટ્રેડસમેન(ધોબી, રસોઇયા, ડ્રેસર, ઇક્વિપમેન્ટ રીપેરર, હાઉસકિપર), સોલ્જર ટેકનિશીયન (ટેક.આર્મ્સ), સોલ્જર ટેકનિશીયન(એવિએશન અને એમ્યુનિશન એક્ઝામિનર) અને સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટની જગ્યા માટે ભરતી યોજાશે.

❑ **અગત્યની સુચનાઓ :**

- ➢ આર્મી દ્વારા હવેથી ઓનલાઈન અરજીઓ સ્વીકાર્યા બાદ ભરતી મેળો યોજાશે.
- ➢ આ માટે ઉમેદવારોએ આર્મીની વેબસાઈટ www.joinindianarmy.nic.in ઉપર કેરિયર ઓપ્શનમાંથી કેરિયરની પસંદગી કરવાની રહેશે. ત્યારબાદ શારીરિક કસોટીઓ, તબીબી ચકાસણી માટેના સ્થળ, સમય અને તારીખ વિશે ઉમેદવારોને ઈ-મેઈલ આઈડી. અને મોબાઈલ નંબર ઉપર જાણકારી આપવામાં આવશે.
- ➢ જે ઉમેદવારોએ વેબસાઈટ ઉપર નિયત સમય મર્યાદામાં ઓનલાઈન રજીસ્ટ્રેશન નહીં કરાવ્યું હોય તેઓ ભરતી મેળામાં ભાગ લઈ શકશે નહીં.
- ➢ ઓન લાઈન અરજી બાદ ઉમેદવારોએ જરૂરી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, વ્યક્તિગત વિગતો, ડોમીસાઈલ પ્રમાણપત્ર, કાયદેસરનું ઈમેઈલ આઈડી. તૈયાર રાખવું. (આ આઈડી ઉપર ભરતી મેળાની તારીખ, સમય અને સ્થળ વિશે જાણકારી આપતા એડમિટ કાર્ડ મોકલવામાં આવશે.) ઉમેદવારોએ ભરતી મેળામાં ઉપસ્થિત થતી વખતે એડમિટ કાર્ડની પ્રિન્ટ આઉટ લાવવાની રહેશે.
- ➢ ઓનલાઈન અરજી કરી દેવા માત્રથી જ ઉમેદવારે એવું માની લેવાની જરૂર નથી કે તેઓ નિમણુંક માટેની યોગ્યતા ધરાવે છે.
- ➢ ઓનલાઈન અરજી બાદ દસ્તાવેજોની ચકાસણીમાં જો ઉમેદવાર યોગ્યતા ધરાવતા નહીં હોય તો ઉમેદવારી રદ થઈ જશે.
- ➢ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે ઓનલાઈન અરજી બાદ આર્મીની વેબસાઈટ નિયમિત જોતા રહેવું તથા પોતાના ઈ-મેઈલનું ઈનબોક્સ ચેક કરતા રહેવું.

(અનુસંધાન પાન નં. ૪ ઉપરનું ચાલુ..)

7.For claiming relaxation, the reserved category candidates should keep with them a copy of the original Caste/Divyang/PWD certificate(s), in the Proforma prescribed by Govt. of India, issued by the Competent Authority, which will be required to be submitted at the time of documents verification, if called for, prior to issuance of appointment letter. In addition, the OBC(NCL) candidates will be required to submit a valid caste certificate in the prescribed format applicable for purpose of reservation in appointment to posts under Govt. of India/Central Government /Public Sector Undertaking as contained in DOPT Memo No.36036/2/2013-Estt/(Res.) dated 30.05.2014 from a Competent Authority issued in the year of advertisement. Further the OBC (NCL) candidates will have to give a self-undertaking, at the time of documents verification, if called for, prior to issuance of appointment letter, indicating that they belong to OBC-Non Creamy Layer. Candidates belonging to OBC category but falling in creamy layer and thus not entitled to OBC reservations should indicate their category as "General" provided they meet the age criteria specified for general category candidates.

8. No TA will be paid to the candidates for appearing in the online test.

9. Candidates should retain their copy of Pay in e-receipt and Registration Slip as they can be asked to produce it for future reference.

10. The posts advertised are tentative. NFL reserves the right to cancel/restrict/enlarge/modify/alter the requirements advertised, if need so arise, without assigning any further notice or assigning any reason there to.

11.NFL increase or decrease the number of vacancies so notified at its own discretion. In addition to the notified vacancies, a panel of candidates shall also be created on the basis of marks obtained in the Online test for filling up any unforeseen vacancies (due to cessation of service of selected candidates) arising in the next one year from the date of empanelment of candidates. Further, NFL also reserves the right to raise/relax the minimum eligibility standards and to fill/ not to fill all or any of the above positions and cancel/restrict/enlarge/ modify the recruitment/selection process without any further notice or assigning any reasons whatsoever.

12.Court of jurisdiction for any dispute will be at Delhi.

13.Candidates are advised to regularly visit NFL's website for updated information on the selection process. NFL reserves the right to cancel this advertisement and/or the selection process for any of the above posts without assigning any reason. Any corrigendum/addendum/ errata in respect of the above advertisement shall be made available only on our website www.nationalfertilizers.com under the head "Careers". No further press advertisement will be notified. Hence prospective applicants are advised to visit NFL website regularly for latest update with regard to this advertisement.

14.For more details, kindly refer career link of our website www.nationalfertilizers.com Canvassing in any form shall be considered a disqualification for employment in the Company.

**IMPORTANT DATES :**

1. **Commencement of submission of online applications on NFL website:- 02.05.2017**
2. **Last date of acceptance of online applications by NFL:- 01.06.2017**

Chief Manager (HR)

# રેડિયોલોજીમાં કારકિર્દીની વિશાળ તકો

રેડિયોલોજી એ દવા અને ઔષધિની એવી શાખા છે જેમાં રોગના નિદાન અને ઉપચારમાં રેડીયેશન અને વિકિરણ ઉર્જાનો ઉપયોગ કરવામાં આવે છે. રેડીયોલોજીમાં વિશિષ્ટ જ્ઞાન અને પદવી મેળવનાર ફીજીશ્યન અથવા ડોક્ટરને રીડીયોલોજીસ્ટ કહેવામાં આવે છે. રેડીયોગ્રાફીનો ઉપયોગ એક્સ રે, ફ્લોરોસ્કોપી, અલ્ટ્રાસાઉન્ડ - સોનોગ્રાફી, સીટી સ્કેન - કમ્પ્યુટર ટોમોગ્રાફી, એમ.આર.આઈ (મેગ્નેટિક રેજોનેન્સ ઈમેજિંગ ) એન્જીયોગ્રાફી, પી.ઈ.ટી. (પોજીટ્રોન એમીસન ટોમોગ્રાફી) વગેરેનો ઉપયોગ કરીને શરીરના આંતરિક અને ગુપ્ત અંગોની બીમારીઓ અને રોગોનું નિદાન કરવામાં આવે છે. આ ટેકનોલોજી એવી બીમારીઓના કારણો જાણવામાં મદદરૂપ થાય છે અને એવા ઘણા રોગોમાં સારવાર કરવા માટે ડોક્ટરને મદદ રૂપ થાય છે- કે જે રોગો માં રેડીયેશન ઔષધિની આવશ્યકતા હોય છે. રેડીયોગ્રાફી રોગો અને ઈજાઓનું નિદાન અને ઉપચાર કરવામાં માટે - ડોકટરોને શરીરના ટીસ્યુ, હાડકા કે જે તે અંગોની તસ્વીર કે ઈમેજ પૂરી પાડે છે.

વિલ્હેમ રોયેન્ટજેન દ્વારા નવેમ્બર 1895માં એક્સ રેની શોધ કરવામાં આવી ત્યારથી રેડિયોલોજીનો વિકાસ શરુ થયો છે. રેડીયોલોજીના વિકાસથી તેના અનેક નવા પ્રકારો અને ક્ષમતામાં વધારો થયો છે- અને હવે તે મેડીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અતિઆવશ્યક અનુસ્નાતક અભ્યાસક્રમ બની ગયો છે. આ એક નિદાન કરવા માટે નો વચગાળાનો વિષય છે- અને તેની - લગભગ તમામ હોસ્પિટલો અને તેના તમામ વિભાગોને જરૂર પડે છે. રેડીયોલોજીની આવશ્યકતા અને તેની વૈજ્ઞાનિકતાને કારણે તે આજે મેડીકલ ક્ષેત્રે નિદાન અને ઉપચારમાં અત્યંત આકર્ષક વિષય બની ગયો છે. ટેક્નોલોજીમાં નવી નવી શોધખોળો અને તેના વિકાસને પગલે ઈમેજિંગ ટેકનોલોજીમાં સતત સુધારાથી રેડિયોલોજી આજે તીવ્ર ગતિથી વિકાસ પામતું વિજ્ઞાન બની ગયું છે. રોગીઓના રોગ નિદાનમાં કોઈપણ રેડીયોલોજીસ્ટ નું કાર્ય ખુબજ મહત્વનું છે- એટલુ જ નહિ પણ આવશ્યક અને ત્વરિત સારવાર અને ઉપચારમાં અત્યંત મહત્વપૂર્ણ બની છે. આ પદ્ધતિ કેન્સર અને અન્ય પ્રકારની ટ્યુમરની રેડીયેશનથી સારવાર કરવા માટે પણ ખુબ જ ઉપયોગી છે.

આ ક્ષેત્રમાં કારકિર્દીની દ્રષ્ટિએ બે વિકલ્પો ઉપલબ્ધ છે. -

નિદાન એટલેકે - નૈદાનીક રેડીયોગ્રાફી અને ઉપચાર- એટલે કે થેરાપેટીક રેડીયોગ્રાફી.

નિદાન અંગેની રેડીયોગ્રાફીમાં રેડીયોગ્રાફરની જવાબદારી રોગી કે બીમાર વ્યક્તિને આ પદ્ધતિ સમજાવીને તેમને તપાસ માટે તૈયાર કરવા તથા મશીન ચલાવા અને મશીનનું મેન્ટેન્સ કરવું, રેકોર્ડ સાચવવો વગેરેનો સમાવેશ થાય છે. તે માઈલોગ્રામ-એટલેકે કરોડરજ્જુ ના હાડકામાં ઈજા, રસોળી અથવા ટ્યુમરને શોધવા માટેની પદ્ધતિમાં ફીજીશ્યનને અને પોર્ટેબલ એક્સ રે મશીન અથવા ફ્લોરોસ્કોપીક મશીનોવાળા ઓપરેટીંગ રૂમમાં સર્જનની પણ સહાયતા કરે છે.

જયારે ઉપચાર અંગેની થેરાપેટીક રેડીયોગ્રાફીનો ઉપયોગ હવે કેન્સર, ટ્યુમર તથા અલ્સર સહિતના અનેક રોગોમાં ઉપચાર અને નિદાન માટે થાય છે. કોઈ પણ થેરેપી રીડીયોગ્રાફર ટ્યુમરના ઉપચારમાં રેડીયેશનનો ઉપયોગ અત્યંત નિયંત્રિત રીતે કરે છે. રેડિયેશનની યોગ્ય અને સાચી માત્ર કોઈપણ ટ્યુમરનું કદ નાનું કરવામાં મદદ રૂપ સાબિત થાય છે.-

**સ્વાસ્થ્ય સંભાળમાં રેડીયોલોજીસ્ટની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ :**

- કોઈપણ ફીજીશીયનને સારવાર કરવા માટે કે યોગ્ય તપાસ કે નિદાન માટે યોગ્ય પદ્ધતિ પસંદ કરવામાં, ઈમેજ કે એક્સ રે ના પરિણામોનું અર્થઘટન કરવામાં કે તપાસના પરિણામોનો સારવારમાં ઉપયોગ કરવામાં રેડીયોલોજીસ્ટ વિશિષ્ટ સલાહકાર તરીકે કાર્ય કરે છે.
- તે રેડીયેશન - રેડીયેશન ઓન્કોલોજી અથવા અત્યંત સુક્ષ્મ રૂપમાં ઈન્વેસીવ કે ઈમેજ ગાઈડેડ થેરાપ્યુટીક ઈન્ટરવેન્શન દ્વારા રોગો નો ઉપચાર કરે છે.
- તપાસ કે નિદાન માટેની ઈમેજોના તારણોનું અન્ય તપાસ કે પરીક્ષણો સાથે સહ- સબંધ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.
- શરીરના અંગોની સાચી પરિસ્થિતિ તથા તેના પરીક્ષણ દ્વારા રેડીયેશનના વધુ પડતા સ્તરની ખબર પડે છે- અને રેડીયોલોજીસ્ટ તેના પર નજર રાખે છે- જેથી રેડિયેશનથી વધુ નુકશાનથી બચી શકાય છે.
- આવશ્યકતા પડે ત્યારે યોગ્ય તપાસ કે ઉપચાર માટે ભલામણ કરે છે, અને જે ફીજીશીયનને કેસ મોકલવામાં આવે છે- તેની સાથે ચર્ચા વિચારણા પણ કરે છે.
- રોગની સંપૂર્ણ તપાસ ગુણવત્તા યુક્ત રાખવા માટે રેડીયોલોજીસ્ટ - તેમના ઉપકરણો ચલાવનાર કર્મચારીને યોગ્ય સલાહ સૂચનો આપે છે.

-રેડીયોલોજીસ્ટને પોતાના વિષયમાં અત્યંત નિપુણ હોવાની સાથે તેમણે પાતાની પૂરી કારકિર્દીમાં સતત અભ્યાસ કરતા રહેવાની જરૂર પડે છે.જેથી દર્દીની તપાસ માટેની પધ્ધતિઓ માં છેલ્લામાં છેલ્લી શોધખોલો થી તે જાણકાર અને માહિતગાર રહી શકે.

- રેડીયોલોજીસ્ટ, રેડીયોગ્રાફર અને એક્સ રે ટેકનીશીયનો પર રેડીયેશન નો પ્રભાવ પડે છે અને તેઓ વધુ પડતો સમય ઓછી રોશની વાળા ઓરડામાં રહે છે. આથી તેમને સુરક્ષિત રહેવા માટે રક્ષણાત્મક ઉપકરણો પહેરવા જરૂરી હોય છે. ખાસ કરીને મહિલાઓએ રેડિયો એક્ટીવ સાધન સામગ્રી ની એ જગ્યાએ થી બીજી જગ્યાએ હેરફેર માટે ખાસ સાવધાની રાખવી જરૂરી છે.

## ( કેરિયર ઓપ્શન )

**કારકિર્દી માટે પાત્રતા:**

જે વ્યક્તિ બૌધિક પડકારોનો સામનો કરવા માટે તત્પર છે અને અનેક નવી અને જટિલ સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે પડકાર ઝીલવા માંગે છે-તથા તેમની પાસે વિશ્લેષણ કરી શકે તેવી બૌધિક ક્ષમતા કે દ્રષ્ટી છે- તે રેડીયોલોજીને કારકિર્દી તરીકે સ્વીકારી શકે છે. આવી વ્યક્તિની જીવ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને અનાટોમી જેવા વિજ્ઞાનના વિષયોમાં રૂચી હોવી જરૂરી છે.

રીડીયોલોજીમાં અભ્યાસ માટે - મેડીકલ ક્ષેત્રે - ડોક્ટરની પાયાની પદવી એટલેકે MBBS હોવું આવશ્યક છે- આમ છતાં ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન - જેવા વિષયો સાથે ઓછામાં ઓછા 50 ટકા ગુણ સાથે ધોરણ 12 પાસ વ્યક્તિ કે ઉમ્મેદવાર રેડીયોગ્રાફીમાં ડિગ્રી કે ડિપ્લોમાની પદવી મેળવી શકે છે.

જયારે MBBS ની ડિગ્રી ધરાવતા ડોક્ટર કેન્દ્રિય માધ્યમિક શિક્ષા બોર્ડ કે રાષ્ટ્રીય બોર્ડ કે રાજય બોર્ડો દ્વારા લેવાતી સ્નાતક પછીની NEET ની પ્રવેશ પરીક્ષા પાસ કરીને તેમાં મેરીટ પ્રમાણે રેડિયોલોજીમાં MD કે DNB જેવી અનુસ્નાતક ડિગ્રી માટે આગળ અભ્યાસ કરી શકે છે. આ બંને અભ્યાસક્રમોમાં નિયમિત શિક્ષણ કાર્યની સાથે વોર્ડ ડ્યુટી કરવા અને પોતાનું જ્ઞાન વધારવાની પણ તક મળે છે. ત્યાર બાદ કોઈપણ વ્યક્તિ ત્રણ વર્ષનો સીનીયર રેસીડેન્સી અથવા સબ- સ્પેસીયાલીટી અભ્યાસ કરી શકે છે. અને ત્યાર બાદ રેડીયોલોજીસ્ટ તરીકે પ્રેક્ટીસ કરી શકે છે. કોઈ પણ રેડીયોલોજીસ્ટ નીચેનામાંથી કોઈ પણ એક કે એક થી વધુ ક્ષેત્રોમાં તજજ્ઞ બની શકે છે.

જેમાં છાતી, હૃદય, આંતરડા, માથું અને ગળું, જ્ઞાનતંતુઓ, ન્યુરો રેડિયોલોજી, ઓન્કોલોજીકલ પીડીએટીક, રેડિયોન્યુક્લાઈડ, થોરોસીસ, યુરો-ગાયનેકોલોજીકલ અને વસ્ક્યુલર વગેરેનો સમાવેશ થાય છે.

રેડિયોગ્રાફી અને રેડિયોથેરેપીમાં ત્રણ વર્ષનો બી.એસ.સી.નો અભ્યાસક્રમ પણ છે. ત્યાર બાદ આ ક્ષેત્રમાં દક્ષતા પ્રાપ્ત કરવા માટે ચિકિત્સા ટેકનીશીયનો માટે બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ પણ ઉપલબ્ધ છે. સ્નાતકો માટે અનુસ્નાતક અભ્યાસક્રમ પણ ઉપલબ્ધ છે.

રેડીયોલોજીસ્ટ બનવા માટે અપેક્ષિત - જરૂરી કૌશલ્યો:

રેડીયોગ્રાફી એક સેવા પ્રકારનો વ્યવસાય છે. જેથી આ ક્ષેત્રે કારકિર્દી માટે નીચે પ્રમાણે અનિવાર્ય કૌશલ્યો હોવા જરૂરી છે.

- વિગતવાર રીપોર્ટ કે અહેવાલ બનાવવા માટે એકાગ્રતા હોવી જોઈએ.
- એક નિષ્ણાત ના રૂપમાં કાર્ય કરવા માટે નિષ્ણાત ટીમ માં કાર્ય કરવાની ક્ષમતા હોવી જરૂરી છે.
- ટેકનોલોજી ક્ષેત્રે શ્રેષ્ઠ અને વ્યાપક જ્ઞાન,
- દબાણ હેઠળ કાર્ય કરવાની ક્ષમતા
- વિશ્લેષણ કરવાની આવડત,
- અવલોકન કે નિરિક્ષણની શ્રેષ્ઠ શક્તિ.
- રેકોર્ડ સાચવવાની ખાસ ક્ષમતા,
- રોગીને જલ્દી સાજા કરવાની શ્રેષ્ઠ ઈચ્છા શક્તિ ,
- રોગીઓની ચિંતા અને સસ્યાઓને સમજવાની શક્તિ.
- મશીનો ચલાવાની સાથે તેની જાળવણી અને સાચવણીની ક્ષમતા,
- હમેશા પોતાના કૌશલ્યોમાં સુધાર લાવવાની ઈચ્છા,

**કાર્ય કરવાની તકો:**

રેડીયોલોજીના વિશિષ્ટ ક્ષેત્રમાં તજજ્ઞ જ્ઞાન પ્રાપ્ત કાર્ય બાદ રેડીયોગ્રાફર, રેડીયોથેરેપીસ્ટ, એક્સ રે અને ઈ.સી.જી. ટેકનીશીયન હોસ્પિટલો, કલીનીકો,ખાનગી દવાખાના, નર્સિંગ હોમ સાર્વજનિક આરોગ્ય કેન્દ્રો, રિસર્ચ સંસ્થાઓ, તેમજ રાજય અને કેન્દ્ર સરકારો દ્વારા ચાલતા દવાખાના, સંસ્થા, મેડીકલ કોલેજો માં અલ્ટ્રા -સાઉન્ડ અને અન્ય નિદાન માટેના વિભાગોમાં કાર્ય કરી શકે છે. તેઓ શૈક્ષણિક ક્ષેત્રે અથવા નાભિકીય ઔષધિ તેમજ સંશોધન કાર્ય ક્ષેત્રે પણ કારકિર્દી બનાવી શકે છે.

**નીચે જણાવેલા સ્થળે રેડીયોલોજીસ્ટ અને રેડીયોગ્રાફરની મોટા પાયે જરૂર પડે છે.**

* નર્સિંગ હોમ,
* હોસ્પિટલ
* નિદાન કેન્દ્ર,
* સુપર સ્પેસીયાલીટી હોસ્પિટલ,
* ચિકિત્સા સંસ્થાઓ ના એક્સ રે અને અલ્ટ્રા સાઉન્ડ વિભાગ,
* સુરક્ષા વિભાગ,
* ખાનગીપ્રેક્ટીસ,

**રેડીયોગ્રાફીમાં કાર્ય પ્રોફાઈલ**

**કોઈપણ રેડીયોલોજીસ્ટને નીચે પ્રમાણેના કાર્ય કરવાના હોય છે.**

- એક્સ રે- અલ્ટ્રા સાઉન્ડ સ્કેન, કીમોથેરેપી, રેડિયો એક્ટીવ આઈસોટોપ તથા હોર્મોન થેરેપી જેવી તપાસ તેમજ ઉપચાર કાર્ય કરવું,
- તપાસ દરમિયાન દર્દીને સામાન્ય અને સહજ બનાવી રાખવો, અને એ સુનિશ્ચિત કરવું કે દર્દી તપાસની પ્રક્રિયાને બરાબર સમજે છે.
- તપાસના પરિણામોની યોગ્ય વ્યાખ્યા કરવી અને વહેલી તકે નિદાન અને સારવારનો નિર્ણય કરવો.
- નિષ્ણાત લોકો સાથે સતત સલાહ મસલત કરવી અને જુદી જુદી સારવાર પધ્ધતિ અંગે કાર્ય કરવું,

*ઈમેજ દ્વારા દર્દીને સારવારમાં થઈ રહેલી પ્રગતિ અંગે માહિતી આપવી.

*રોગીઓના સ્વસ્થ થવા દરમિયાન અને પછી પણ અને ખાસ કરીને કેન્સર અને તેના જેવા અસાધ્ય રોગોના દર્દીઓ સાથે જોડીને કાર્ય કરવું.છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા આરોગ્ય સંભાળ અને સારવાર ક્ષેત્રે વિશાલ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.તેને પગલે દેશમાં ભવિષ્યમાં પણ મેડીકલ ક્ષેત્રે રેડીયોલોજીસ્ટ અને રેડીયોથેરેપીસ્ટ તેમજ રેડિયો ટેકનીશીયનની મોટી માંગ ઉભી થવાની શક્યતા છે.

**રેડીયોલોજીસ્ટના અભ્યાસ માટે કેટલીક ટોચની સંસ્થાઓની યાદી:**

- અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન-( એમ્સ ) દિલ્હી,
- ક્રિશ્ચિયન મેડીકલ કોલેજ - સી.એમ.સી. વેલ્લોર,
- સશ સ્ત્ર બળ ચિકિત્સા કોલેજ ( એ.એફ.એમ.સી. ) પુણે
- જે.આઈ.પી.એમ.ઈ.આર. કોલેજ પુદુચ્ચેરી ,
- મૌલાના આઝાદ મેડીકલ કોલેજ ( એમ.એ.એમ.સી.) દિલ્હી
- લેડી હાર્ડીગ મેડીકલ કોલેજ ( એલ.એચ.એમ.સી.) દિલ્હી,
- મદ્રાસ મેડીકલ કોલેજ - ચેન્નાઈ
- સ્નાતકોત્તર ચિકિત્સા શિક્ષા અને અનુસંધાન સંસ્થાન ચંડીગઢ,
- શેઠ જે.એસ. મેડીકલ કોલેજ, ( કે.ઈ.એમ.હોસ્પિટલ) મુંબઈ.
- ગ્રાન્ટ મેડીકલ કોલેજ અને સર જે.જે.હોસ્પિટલ ગ્રુપ - મુંબઈ.
- કસ્તુરબા ચિકિત્સા કોલેજ ( મેંગલોર અને મનિપાલ )-

આ સિવાય પણ અનેક કોલેજો અને યુનીવર્સીટી હવે આ પ્રકારના અનેક અભ્યાસક્રમો ચલાવે છે.

( સૌજન્યઃ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ) સંકલન : **આરતી પંડ્યા**

# NATIONAL FERTILIZERS LIMITED

NFL, a Mini-Ratna and premier Fertilizer Central Public Sector Undertaking engaged in manufacturing and marketing of fertilizers and other agricultural inputs, is looking for dynamic & result oriented candidates for manning the following position for its various Marketing Offices:-

| Name of Post | Pay Scale | Qualification | No. of Vacancies |
|---|---|---|---|
| Marketing Representative | Rs.9500- 19500 (W-5) | B.Sc. (Agriculture)* | 35**(20-UR, 08-OBC, 05-SC 02 -ST) |

Full Time/Regular B.Sc. (Agriculture) with minimum 50% marks from a recognized University / Institute is required. Selected candidates will be placed at the minimum Basic Pay in pay scale of ?9500- 19500. Besides Basic Pay candidates will also be paid, Dearness Allowance, House Rent Allowance / Company Accommodation and will also be entitled for other perquisites & allowances /benefits such as leave, medical treatment, Provident Fund, Gratuity, Pension etc. as per company rules in force from time to time.* The post of Marketing Representatives has been identified suitable for following Divyang / Persons with Disabilities (PWD) categories & sub - category: Visually Impaired (VH) - Low Vision (LV); Orthopedically Impaired (OH) - One Leg (OL).Out of advertised 35 posts, 01 post each is reserved for VH - LV and OH - OL Divyang/PWD candidates. The Divyang/PWD candidates applying for the post of Marketing Representatives shall be eligible for the benefit of reservation/concessions, if they are suffering from not less than 40% of the relevant disability.The reservation for Ex-Servicemen category shall be as per Government rules.

**REGISTRATION FEE**

Candidates are required to deposit registration fee of ?200/- while applying online for the above post.

**CUT OFF DATE FOR AGE LIMIT AND EDUCATIONAL QUALIFICATION:**

Upper Age limit is 30 years as on 30.04.2017. Relaxation in Upper Age limit to eligible categories will be provided as per Govt. Rules.Candidates should have completed their B.Sc. (Agriculture) Degree as on 30.04.2017. Candidates are required to upload the scanned copy of following documents, without which their application will not be accepted:1.Matriculation Certificate for Age proof;
2.Final Marksheet of B.Sc. (Agriculture) as a proof of meeting educational qualification;
3.Caste Certificate, if applicable;
4.Divyang/PWD certificate if applicable;
5.Identity Proof & Address Proof.

**SELECTION CRITERIA:**

Eligible candidates will be required to appear in an Online Test, information for which will be provided in the Admit card. Being Group 'C Non - Executive post, there will be no interview for recruitment to the post of Marketing Representatives and selection of candidates shall be made purely on the basis of merit list of the online test. Candidates would be required to score minimum 50% marks in the online test to be considered for selection in order of merit. Separate merit list will be drawn for UR/SC/ST/OBC candidates with reference to the number of available vacancies for each category. In case two or more candidates score equal marks in the online test, percentage of marks in the qualifying examination would be considered for drawing up merit list. In case percentage of marks (upto two decimals) are also equal in the qualifying examination, the date of birth of the candidates will be considered for preparing merit list i.e. the candidates born earlier will be considered as senior in the merit list.

**ONLINE TEST:**

Eligible candidates will be required to appear for ONLINE objective type test at any one of the centre at **Bhopal, Chandigarh, Delhi NCR, Lucknow, Hyderabad or Patna.** No request for change of examination centre will be entertained after final submission of online application form. However, NFL reserves the right to cancel or add any centre depending on the response of candidates in that area/centre.

The online test will have two parts, Discipline related and Aptitude related. Medium of Test will be in Hindi and English. Duration of test will be 2 hours. The total number of questions will be 150, of one marks each, out of which 100 questions would be from mix of course curriculum of B.Sc. (Agriculture) and 50 questions from General English, Quantitative aptitude, Reasoning & General Knowledge / Awareness. Candidates would be required to score minimum 75 or more marks to be considered for selection in order of merit.

**RESERVATIONS AND RELAXATIONS:**

1. Reservation and relaxation for SC / ST / OBC in age will be provided as per Government guidelines. The upper age limit is relaxed by 5 years for SC/ST, 3 years for OBC (Non-Creamy Layer) candidates. It is relaxed by 10 years for Divyang/PWD-General, 13 years for Divyang/PWD-OBC and 15 years for Divyang/PWD-SC/ST candidates. The upper age limit is relaxed for Ex Servicemen as per Government rules;
2. Upper age is relaxed by 5 years for the candidates who had ordinarily been domiciled in the state of Jammu & Kashmir from 01.01.80 to 31.12.89;
3. No registration fee will be charged from SC/ST/Divyang/PWD/Ex-Servicemen and Departmental Candidates;
4. Category {SC/ST/OBC/Divyang/PWD} once filled in the online application form will not be changed and no benefit of other category will be admissible later on. The reserved category candidates are required to upload caste certificate in the prescribed format of Government of India, issued by the competent authority, at the time of submitting their online application;
5. In case adequate numbers of SC and ST candidates who satisfy the minimum standard (i.e. those who secured 50% or more marks in online test) are not available to fill up the reserved vacancies, then SC and ST candidates may be selected to the extent of shortfall vacancies by relaxing the minimum standard, provided that they are not considered unfit to hold the post and satisfy all the eligibility criteria;
6. The OBC candidates who belong to "Creamy Layer" are not entitled for concession admissible to OBC category and such candidates have to indicate their category as General. The OBC (Non-Creamy Layer) candidates are required to submit requisite certificate in prescribed format of Government of India, from a competent authority issued in the current year. Further, OBC (NCL) candidates will have to give a self-undertaking indicating that they belong to OBC (Non-creamy Layer) category also at the time of joining, in case selected;
7. As regards reservation for Persons with Disability and Ex-serviceman/Dependent of those killed/Disabled in action, the vacancies are to be filled by way of horizontal inter-locking Reservation System.

**HOW TO APPLY :**

Eligible and interested candidates would be required to apply online only through "Careers" page on NFL's website: www.nationalfertilizers.com. No other means/mode of application will be accepted. Before applying the candidates should ensure that they fulfill all the eligibility norms. Their registration will be provisional as their eligibility will be verified only in case they are shortlisted for selection. Mere issue of Admit card will not imply acceptance of candidature. Candidature of a registered candidate is liable to be rejected at any stage of recruitment process or even after joining, if any information provided by the candidate is found to be false or not in conformity with the eligibility criteria at any stage.Before registering their applications on the website, the candidates should possess the following:

a) Valid e-mail ID, which should remain valid for at least one year.

b) Candidates should have latest passport size photograph (jpg or jpeg file only upto 50 Kb) as well as photograph of signatures in digital format (jpg or jpeg file only upto 20 kb) for uploading with the application form.

c) Supporting documents for age, qualification, caste, category, identity & address proof, as detailed in the foregoing for uploading (pdf file only upto 100 Kb each)

d) Provision to pay examination fee of ?200/- for General and OBC Candidates. Candidates can opt to pay through internet banking account or credit/ debit card

The registration process involves following three Steps:

Step 1: Filling up of Application - Go to "Careers" page at www.nationalfertilizers.com

- Read the Advertisement carefully to be sure about your eligibility
- Click on the link "Apply"
- Fill up all the required fields
- Ensure the information provided is correct and then submit. Step 2: Making Payment
- Click on "Make payment" which will take you to Payment Gateway, which has been authorized to collect the application fee /processing charges on behalf of NFL.

Step 3: Final Registration & Printing of Provisional Registration Slip

- Once the payment is made, Candidates should retain a photocopy of their e-receipt and Registration Slip as they can be asked to produce them for reference, at any stage of selection process.
- After applying online, candidate is required to download the system generated Provisional Registration Slip with unique registration number and other essential details.
- Fee once paid will not be refunded under any circumstances. Candidates are therefore requested to verify their eligibility before paying the application/processing fee and to fill in the payment details carefully.
- Failed Transaction amount will be automatically refunded to same A/c from which payment was originally made, within 15 working days.
- IMPORTANT: All correspondence with candidates shall be done only on their registered e-mail ID provided by candidate. All information regarding examination schedule/admit card etc. shall be provided through email and / or by uploading on NFL website.
- Responsibility of receiving, downloading and printing of admit card/any other information shall be of the candidate.
- NFL will not be responsible for any loss of email sent, due to invalid/wrong email ID provided by the candidate or for delay/non receipt of information if a candidate fails to access his/her mail/website in time.
- Candidates are not required to send any document to NFL.
- The candidates will be allowed to appear in the Online Test only if they possess the valid Photo Admit Card which will be available for downloading from the NFL website

**GENERAL INSTRUCTIONS:**

1. Candidates possessing the required degree from Govt. Universities / Institutes approved/ recognized by UGC will only be eligible to apply. The term departmental candidates means those candidates who are currently working with NFL as permanent employees and not wards of NFL employees.
2. While applying the candidates should enter their full name as it appears in the matriculation/secondary school certificate.
3. Minimum percentage of marks in the essential qualification(s) as indicated above shall be aggregate of all semesters/years to be calculated taking average of all semesters/ years, irrespective of the weightage given to any particular semester/year by the Institute/ University.
4. Wherever CGPA/OGPA or letter grade in a degree is awarded; equivalent percentage of marks should be indicated in the online application form as per norms adopted by the University/Institute. Where no norms have been specified, the CGPA/OGPA will be presumed to have been provided on a 10 point scale.
5. Candidates employed in Central/State Government/Quasi-Government/Public Sector Undertakings/Autonomous Bodies are required to produce No Objection Certificate from their present employer to apply for the post of Marketing Representatives in NFL, as and when called for verification of documents, failing which their candidature would not be considered.
6. The SC/ST/OBC/Divyang/PWD certificate should be as per the latest format as applicable for employment under Central Government. If the certificate has been issued in a language other than English/Hindi, the candidates will be required to submit a self-certified translated copy of the same either in English or Hindi, as and when called for verification of documents.

(અનુસંધાન પાન નં. ૨ ઉપર)

## અન્ય જાહેરખબર

- **કમાન્ડન્ટ સિલેક્શન સેન્ટર સાઉથ : બેંગલોર**
  **જગ્યાનું નામ** : મશાલચી, મેસેન્જર, મેસ વેઇટર, રસોઇયા, એમ.ટી.એસ.
  **જગ્યાની સંખ્યા** : ૧૧
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૯-૪-૨૦૧૭થી ૨૧ દિવસ
- **ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિ.: હલ્દિયા રિફાઇનરી**
  **જગ્યાનું નામ** : જુનિ.એન્જિ.આસિ.(પ્રોડક્શન, પાવર એન્ડ યુટીલીટી, ઇલેક્ટ્રિકલ, મિકે., ઇન્સ્ટ્રુમેન્ટેશન, ફાયર એન્ડ સેફ્ટી), મટીરીયલ આસિ., ક્વોલીટી કંટ્રોલ એનાલિસ્ટ
  **જગ્યાની સંખ્યા** : ૭૪
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૧૯-૫-૨૦૧૭
  **વેબ સાઇટ** : www.iocl.com
- **ઇસરો : હાસન(કર્ણાટક)**
  **જગ્યાનું નામ** : ટેકનિશીયન-બી, ડ્રાફ્ટ્સમેન-બી, ટેકનિકલ આસિ.
  **જગ્યાની સંખ્યા** : ૨૨
  **ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ** : ૨૨-૫-૨૦૧૭
  **વેબ સાઇટ** : www.mcf.gov.in
- **સેન્ટ્રલ ટિબેટન સ્કૂલ્સ એડમિનીસ્ટ્રેશન : દિલ્હી**
  **જગ્યાનું નામ** : ડેપ્યુટી ડાયરેકટ, એકાઉન્ટ્સ એન્ડ ઓડિટ ઓફિસર, ડેપ્યુટી એજ્યુકેશન ઓફિસર, આસિ ., સ્ટેનોગ્રાફર ગ્રેડ-સી, ગ્રેડ-ડી, અપર ડિવિઝન ક્લાર્ક, લેબ આસિ., ડ્રાઇવર, સ્ટાફનર્સ, વોર્ડન, મેટ્રન, લોઅર ડિવિઝન ક્લાર્ક, લેબ એટેન્ડન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૩૮
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૯-૪-૨૦૧૭થી ૨૧ દિવસ
  **વેબ સાઇટ** : www.ctsa.nic.in
- **એનર્જી ઇફિશીયન્સી સર્વિસીસ લિ. : નોઇડા**
  **જગ્યાનું નામ** : આસિ.એન્જિનિયર(ટેક.)ગ્રેડ-૨, આસિ.ઓફિસર (ફિનાન્સ) ગ્રેડ-૨
  **જગ્યાની સંખ્યા** : ૦૬
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૪-૫-૨૦૧૭
  **વેબ સાઇટ** : www.eeslindia.org
- **સૈનિક સ્કૂલ : બાલાચડી(જામનગર)**
  **જગ્યાનું નામ** : માસ્ટર (કેમિસ્ટ્રી)
  **જગ્યાની સંખ્યા** : ૦૧
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૯-૪-૨૦૧૭થી ૨૧ દિવસ
  **વેબ સાઇટ** : www.ssbalachadi.org
- **ભારતીય હવાઇ દળ (હેડક્વાર્ટસ, વેસ્ટર્ન એર કમાન્ડ)**
  **જગ્યાનું નામ** : એલડીસી, રસોઇયા, મેસ સ્ટાફ, સફાઇવાળા, સુપ્રિન્ટેન્ડન્ટ (સ્ટોર), એમટીએસ, કારપેન્ટર, સિવિલિયન મોટર ડ્રાઇવર, પેઇન્ટર, વલ્કેનાઇઝર, ધોબી,
  **જગ્યાની સંખ્યા** : ૧૧૦
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૯-૪-૨૦૧૭થી ૩૦ દિવસ
- **નેશનલ એગ્રિફૂડ બાયો ટેકનોલોજી ઇન્સ્ટિટ્યુટ : મોહાલી**
